- સમયાંતરે કૉલેજના શૈક્ષણિક કાર્ય તેમજ વિદ્યાર્થીઓને વહીવટી કામગીરી માટે કાર્યાલયમાં આવવાનું થતું હોય વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓના ફીડબેક લેવા તથા યોગ્ય સારી સલાહ સૂચન હોય તો તેમનું અમલીકરણ કરવું.

૩. કોલેજમાં આંતરીક વર્કશોપ કે સેમીનારોનું આયોજન કરવું તથા સુપેરે પર પાડવું.

- કોલેજમાં આંતરીક વિદ્યાર્થીઓ વચ્ચે સેમીનાર યોજવા, વર્કશોપ કરવા જરૂર પડ્યે જે તે વિષયના તજજ્ઞને બોલાવી વિષયલક્ષી જ્ઞાન આપી વિદ્યાર્થીનું શિક્ષણ ઉત્તમ ગુણવતાવાળું બને તે માટેના પ્રયાસો કરવા.

૪. ઇન્સ્ટીટયુટ ડેવલપમેન્ટ માટેની જરૂરી પ્રક્રિયા કરવા સજ્જ રહેવું.

- કોલેજના નવા બિલ્ડીંગ બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. હવે તેમાં વધારેમાં વધારે સુવિધાઓ મળે તે માટે જરૂરી પત્ર વ્યવહાર કરવો.

૫. AICHE ડેટા ભરવા અને દર વર્ષે અપડેટ કરવા.

- ગત સાલની જેમ ચાલુ વર્ષના AICHE નાં ડેટા અપડેટ કરવા.

૬. ગુણવતા શૈક્ષણિક ડેટા દર વર્ષે NAAC ની સાઈટમાં અપડેટ કરતાં રહેવા.

- આગામી સમયમાં NAAC માં જવાનું હોય સંપૂર્ણ માહિતી એકઠી કરી ડેટા અપડેટ કરતા રહેવા.

૭. વીજળી બચાવ માટે સોલાર સીસ્ટમ ફીટ કરવા કાર્યવાહી કરવી.

- વીજળી બચાવવા માટે તમામ લેબોરેટરી તથા ઓફિસમાં સોલાર સીસ્ટમ ફીટ કરાવી વીજળી બચાવવાનું નક્કી કર્યું.

૮. સરકારશ્રીની યોજના મુજબ એલઈડી બલ્બ ટ્યુબના વધારે ઉપયોગ કરી વીજળી બચાવવા તથા સરકારશ્રીના હિતમાં કાર્યવાહી કરવી.

- કોલેજના તમામ ક્લાસરૂમ, લોબી વિગેરેમાં એલ.ઈ.ડી. બલ્બ લગાવી તથા એલ.ઈ.ડી. ટ્યુબ, સ્ટ્રીટ લાઈટ વિગેરે લગાવી વીજળી બચાવવાનું નક્કી કર્યું.

